शब्दार्थः–अनादि काल चक्रमां भमता अने नाना प्रकारनां कर्मने वश थयेला जीवोने संसारमां कोइपण एकेंद्रियादि भेद नथी प्राप्त थयो, एम नथी. अर्थात् एकेंद्रियादि सर्व भेदोमां भमेलो छे.

(अनुष्टुब्वृत्तम्)

बंधवा सुहिणो सव्वे, पिअमाया पुत्तभारिया ॥
पेअवणाउ निअत्तंति, दाऊणं सलिलंजलिं ॥ ११ ॥

शब्दार्थः–बांधवो, सुहृदो, माता, पिता, पुत्र अने स्त्री, ए सर्वे मरेला मनुष्यने पाणीनी अंजली आपीने पछी श्मशानथी पाछा वळे छे. ॥ ११ ॥

(आर्यावृत्तम्)

विहडंति सुआ विहडंति बंधव वल्लहा य विहडंति ॥
इक्को कहवि न विहडइ, धम्मो रे जीव जिणभणिओ ॥ १२ ॥

शब्दार्थः–हे जीव ! पुत्रो, बांधवो अने स्त्रीयो ए सर्वेनो वियोग [illegible] जिनेश्वरे कहेलो एक धर्मनो [illegible] नथी. ॥ १२ ॥

अट्ठकम्मपासबद्धो, जीवो संसारचारए ठाइ ॥
अट्ठकम्मपासमुक्को, आया सिवमंदिरे ठाइ ॥ १३ ॥

शब्दार्थः--आठ कर्मरूप पासाथी बंधायलो जीव संसाररूप बंधीखानामां रहेछे अने आठ कर्मपासथी छूटेलो आत्मा मोक्ष मंदीरमां वसे छे. ॥ १३ ॥

विहवो सज्जणसंगो, विसयसुहाइं विलासललिआइं ॥
नलिणीदलग्गघोलिर, जललवपरिचंचलं सव्वं ॥१४ ॥

शब्दार्थः--लक्ष्मी, स्वजन संयोग अने विलासे करीने सुंदर एवां विषय सुख ए सर्वे कमलनां पत्र उपर कंपता रहेला पाणीना बिंदु समान अत्यंत चपल छे. ॥ १४ ॥

तं कत्थ बलं तं क-त्थ जुवणं अंगचंगिमा कत्थ ॥
सव्वमणिच्चं पिच्छह, दिठ्ठंनठ्ठं कयंतेण ॥ १५ ॥

शब्दार्थः—हे प्राणीयो! ते बल, ते यौवन अने अंगनुं सुंदरपणुं क्यां गयुं? ते कारण माटे काले करीने दीठा न दीठ जेवुं आ सर्व अनित्य जाणो. ॥ १५ ॥

घणकम्मपासबद्धो, भवनयरचउप्पहेसु विविहाउ ॥
पावइ विडंबणाउ, जीवो को इत्थ सरणं से ॥ १६ ॥

शब्दार्थः—गाढ कर्मरूप पासाथी बंधायलो जीव संसाररूप नगरना चौटामां विविध प्रकारनी विटंबना पामे छे, माटे आ संसारमां ते जीवनुं कोण रक्षण करनार छे? ॥ १६ ॥

घोरंमि गब्भवासे, कलमलजंबालअसुइबीभच्छे ॥
वसिउ अणंतखुत्तो, जीवो कम्माणुभावेण ॥ १७ ॥

शब्दार्थः–जीव, घोर अने उदरमां रहेला पदार्थोथी अशु

त्रि तेमज भयंकर एवा गर्भवासमां पोतानां कर्मना प्रभावथी
अनंतीवार वस्यो छे. ॥ १७ ॥

चुलसीइ किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ॥
इक्किक्कम्मि अ जीवो, अणंत खुत्तो समुप्पन्नो ॥१८॥

शब्दार्थः—शास्त्रमां चोराशी लाख योनी कही छे अने ते द-
रेक योनीमां जीव अनंतीवार उत्पन्न थयो छे. ॥ १८ ॥

मायापियबंधुहिं, संसारत्थेहिं पूरिओ लोओ ॥
बहुजोणिनिवासीहिं, नय ते ताणं च सरणं च ॥१९॥

शब्दार्थः—संसारमां रहेला अने घणी योनीमां निवास
करनारां माता, पिता अने बंधुओए करीने आ लोक भरपुर थयो
छेः परंतु ते माता पिता विगेरे त्हारुं रक्षण करनार नथी, तेम
ते त्हारे शरण करवा योग्य नथी. ॥ १९ ॥

जीवो वाहिविलुत्तो, सफरो इव निजले तडप्फडइ ॥
सयलोवि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे ॥२०॥

शब्दार्थः—पीडाथी व्याप्त थयेलो जीव जल रहित स्थानमां
मांछलानी पेठे तरफडे छे. सर्व लोक ते जीवने जुए छे, पण तेनी
पीडा दूर करवा कोण समर्थ होय ? अर्थात् कोइ नथी. २०

मा जाणसु जीव तुमं, पुत्त कलत्ताइ मज्झ सुहहेऊ ॥
निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥ २१ ॥

शब्दार्थः—हे जीव ! तुं आ पुत्र कलत्रादि म्हारां सुखनां
कारण थशे. [illegible] न जाणीश. कारणके, संसारमां भमतां
जीवोने ते पुत्रादि दृढ बंधनरूप थाय छे ॥२१॥

जणणी जायइ जाया, जाया माया पिआ य पुत्तो य ॥
अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥ २२ ॥

[illegible]

शब्दार्थ–संसारमां कर्मनां वश्यथी सर्वे जीवोने एक जात नी अवस्था रहेली नथी. कारणके, पूर्वना जवमां माता होय ते बीजा जवमां स्त्री थइ जाय, स्त्री होय ते माता थाय, पिता होय ते पुत्र थाय अने पुत्र होय ते पिता थाय ॥ २२ ॥

(अनुष्टुपवृत्तम्)

न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ॥
न जाया न मुआ जत्त, सवे जीवा अणंतसो ॥२३॥

शब्दार्थः–जेमां सर्वे जीवो अनंतीवार उत्पन्न थया नथी अने मृत्यु पाम्या नथी एवी कोइ जाति, योनी, स्थान के कुल नथी.

(आर्याधृत्तम्)

तं किंपि नत्थि ठाणं, लोए वालग्गकोमिमित्तंति ॥
जत्थ न जीवा वहुसो, सुहदुक्खपरंपरं पत्ता ॥ २४ ॥

शब्दार्थः-जेमां जीवो वहुवार सुख दुःखनी परंपराने नथी पाम्या; एवुं लोकमां वालना अग्रज्ञाग जेटलुं कोइपण स्थान नथी.

सवात्त रिद्धीउ, पत्ता सवेवि सयणसंवंधा ॥
संसारे तो विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥२५॥

शब्दार्थः–हे जीव तने आ संसारमां सर्वे समृद्धि अने सर्वे स्वजनादि संबंध प्राप्त थाय छे, माटे जो पोताने सुखी जाणतो होय तो तेथी विराम पाम. ॥२५॥

एगो वंधइ कम्मं, एगो वहवंधमरणवणसाइं ॥
विसहइ जवंमि जमइ, एगुच्चिअ कम्मवेलवित्त २६

शब्दार्थः–जीव पोते एकलोज कर्मने बांधे छे, एकलो वध, बंधन अने मरणनी आपत्तिने सहन करे छे; वली एकलोज कर्मथी उगायो उतो संसारमां जमे छे. ॥२६॥

अन्नो न कुणइ अहिअं, हियंपि अप्पा करेइ न हु अन्नो
अप्पकयं सुहदुक्खं, भुंजसि ता कीस दीणमुहो ॥२७॥

हे प्राणिन्! त्हारुं बीजुं कोइ अहित करतुं नथी. तेमज त्हारुं पोतानुं हित पण तुं पोतेज करे छे, बीजु कोइ करतुं नथी, माटे तुं पोतानुं करेलुं सुख दुःख भोगवे छे, तो पछी शा कारण माटे दीन मुखवालो थाय छे ? ॥ २७ ॥

बहुआरंभविढत्तं वित्तं विलसंति जीव सयणगणा ॥
तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥२८॥

शब्दार्थः-हे जीव ! तें पोते बहु आरंभथी मेळवेलुं जे धन छे तेणे करीने त्हारा स्वजनो विलास करे छे अने वली ते आरंभथी उत्पन्न थयेला पापने तुं पोते एकलोज नरकमां अनुभव करीश.

अह दुक्खिआइ तह भु-क्खिआइ जह चिंतियाइ डिंभाइ
तह थोवंपि न अप्पा, विचिंतिओ जीव किं भणिमो २९

भावार्थः-अरे मूर्ख जीव ! तें जेवी रीते त्हारा दुःखी थता भुख्या थता बालकोनो विचार कर्यो छे तेवी रीते त्हारो पोतानो विचार कर्यो नथी, तो हवे तने शुं कहुं? ॥ २९ ॥

खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासयसरूवो ॥
कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ॥ ३० ॥

भावार्थः-शरीर क्षणभंगुर अने तेथी जुदो एवो जीव शाश्वत स्वरूपवालो छे. वली ए बेनो कर्मना वशथी संबंध थयो छे तो पछी हे जीव! त्हारे ए शरीरने विषे मूर्छा शामाटे राखवी जोइये?

कह आयं कह चलिअं, तुमंपि कह आगओ कहं गमिहो ॥
अन्नुन्नंपि न याणह, जीव कुडुंबं कओ तुज्झ ॥ ३१ ॥

भावार्थः-हे जीव! आ कुटुंब क्यांथी आव्युं अने क्यां गयुं?

तुं पण क्यांथी आव्यो अने क्यां जइश? वळी तमे परस्पर एक बीजाने जाणता नथी तो पछी ते कुटुंब ह्हारुं क्यांथी? ३१

खणभंगुरे सरीरे, मणुअभवे अब्भपडलसारित्थे ॥
सारं इत्तिअमित्तं, जं कीरइ सोहणो धम्मो ॥ ३२ ॥

शब्दार्थः-शरीर क्षणभंगुर अने मनुष्यभव मेघनां समूह जेवो छे, जेथी उत्तम धर्म आचरवो एज मात्र सार छे. ३२

(अनुष्टुप् वृत्तम्)

जम्म दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ॥
अहो दुक्खो हु संसारे, जत्थ कीसंति जंतुणो ॥ ३३ ॥

शब्दार्थः-जन्म संबंधी दुःख, जरावस्था संबंधी दुःख, रोगो अने मरण ए पण दुःखमय छे; माटे आ संसारज दुःखरूप छे के, जेमां प्राणीयो क्लेश पामे छे. ॥ ३३ ॥

(आर्यावृत्तम्.)

जाव न इंदियहाणी, जाव न जररक्खसी परिफुरइ ॥
जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअई ॥३४॥

शब्दार्थः-ज्यां सुधीमां इंद्रियो क्षीण थइ नथी, ज्यां सुधीमां जरावस्थारूपी राक्षसी प्रगट थइ नथी, ज्यां सुधीमां रोगविकारो उत्पन्न थया नथी अने ज्यां सुधीमां मृत्यु उदय आव्युं नथी, त्यां सुधीमां धर्म साधन करी लेह. ॥ ३४ ॥

जह गेहंमि पलित्ते, कूवं खणीउं न सकए कोइ ॥
तह संपत्ते मरणे, धम्मो कह कीरए जीव ॥ ३५ ॥

शब्दार्थः-जेम घर सळगवा लाग्या पछी कोइ माणस कूवो खोदवाने समर्थ थतो नथी, तेम मरण नजीक आव्या पछी हे आत्मा तुं धर्म शी रीते करी शकीश? ॥ ३५ ॥

रूवमसासयमेअं, विज्जुलयाचंचलं जए जीअं ॥
संझाणुरागसरिसं, खणरमणीअं च तारुन्नं ॥ ३६ ॥

शब्दार्थः--आ रूप अशाश्वतुं छे, जगत्‌मां जीवित विजली नी पेठे चपल छे अने तारुण्यपणुं पण संध्याना रंग जेवुं क्षण रमणीक छे. ॥ ३६

गयकन्नचंचलाओ, लच्छीओ तिअसचावसारित्थं ॥
विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव मा मुज्झ ॥ ३७ ॥

शब्दार्थः—जीवोने लक्ष्मीयो हाथीना कान जेवी चंचल अने विषय सुख इंद्रनां धनुष्य सरखुं चपल छे, माटे अरे जीव! तुं बोध पाम, पण मोह न पाम. ॥ ३७ ॥

जह संझाए सउणा-णसंगमो जह पहे अ पहिआणं ॥
सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ॥ ३८ ॥

शब्दार्थः--हे जीव! जेवी रीते संध्या समये पक्षीयोनो अने रस्तामां मुसाफर लोकोनो समागम थायछे, तेवीज रीते आ स्वजनोनो समागम पण क्षणभंगुर छे. ॥ ३८ ॥

(उपजाति वृत्तम्)

निसाविरामे परिभावयामि, गेहे पलित्ते किमहं सुआमि
डज्झंतमप्पाणमुवेक्खयामि, जं धम्मरहिओ दिअहा गमामि

शब्दार्थ-हे जीव! तने आवो विचार केम नथी आवतो के, हुं पाछली रात वखते मनमां एटले आवा विचार करूं के जे हुं धर्म रहित दिवसो केम गमावुं छुं? घर बळता मांहे सुते केम सुइ रहुं छुं? अने बळता एवा आत्मानी केम उपेक्षा करूं छुं?

(अनुष्टुब्वृत्तम्.)

जा जा वच्चइ रयणी, न सा पडिनिअत्तइ ॥

समान, संपत्तियो जळना तरंगो समान अने प्रेम स्वप्न समान छे, माटे जो तुं तेवुं जाणतो होय तो धर्म आचर. ॥ ४४ ॥

(रथोद्धतावृत्तम्)

संझरागजलबुब्बुओवमे, जीविए अ जलबिंदुचंचले ॥
जुव्वणे य नइवेगसन्निभे, पावजीव कि मियं न बुझसे ४५

शब्दार्थः--संध्या समयनो रंग, पाणीना परपोटा अने दर्भना अग्रभाग उपर रहेलुं पाणीनुं बिंदु, तेना समान जीवित छते वळी नदीना वेग समान युवावस्था छते हे पाप जीव ! तुं बोध नथी पामतो ए शुं ? ॥ ४६ ॥

(आर्यावृत्तम्)

अन्नत्थ सुआ अन्नत्थ गेहिणी परिअणोवि अन्नत्थ ॥
भूअबलिव्व, कुडुंबं, पक्खित्तं हयकयंतेण ॥ ४६ ॥

शब्दार्थः--अरे निंदा करवा योग्य काळे भूतने बलिदान आपवानी पेठ पुत्रोने जूदी गतिमां, स्त्रीने जूदी गतिमां अने परिवारने जूदी गतिमां; एम सर्व कुटुंबने जूदुं जूदुं करी नाख्युं छे.

जीवेण [illegible] मि-लियाइ, देहाइ जाइ संसारे ॥
ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥ ४७ ॥

शब्दार्थः--हे आत्मन! आ संसारमां जीवे, नवे नवमां जे देहो मे[illegible] अनंता सागरोवमथी पण संख्या थइ शके तेम नथी.

[illegible] सागरसलिलाओ बहुयरं होइ ॥
[illegible] माऊणं अन्नमन्नाणं ॥ ४८ ॥

शब्दार्थः--हे आत्मन! [illegible] जन्मनी रुदन करती [illegible] समुद्रनां जळथी पण वधारे [illegible] ॥

[illegible]

तत्तो अणंतगुणिअं, निगोअमझे दुहं होइ ॥ ४ए ॥

शब्दार्थः-नरकमां नारकी जीवो जे घोर अनंत दुःख पामे छे, तेनाथी अनंतगणुं दुःख निगोदमां छे, ॥ ४ए ॥

तंमिवि निगोअमझे, वसिउ रेजीव विविहकम्मवसा ॥
विसहंतो तिरकदुहं, अणंतपुग्गलपरावत्ते ॥ ५० ॥

शब्दार्थः-अरे जीव! विविध कर्मना वश्यथी ते निगोदनी मध्ये पण तुं तिक्षण दुःखने सहन करतो उतो अनंत पुद्गलपरावर्त्त काल सुधी वश्यो छे. ॥ ५० ॥

नीहरिअ कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रेजीव ॥
तत्थवि जिणवरधम्मो, पत्तो चिंतामणिसरित्थो ॥५१॥

शब्दार्थः—अरे जीव ! महा कष्टे करीने ते निगोदथी नीकली तुं मनुष्य पणाने पाम्यो छे अने तेमां पण चिंतामणि रत्न सरखा जिनेश्वरना धर्मने पाम्यो छे. ॥ ५१ ॥

पत्तेवि तंमि रेजीव, कुणसि पमायं तमं तुमं चेव ॥
जेणं जवंधकूवे, पुणोवि पमिउ दुहं लहसि ॥ ५२ ॥

शब्दार्थः—अरे जीव! ते जिनेश्वर धर्म प्राप्त थया उता पण तुं जेनाथी फरीने पण संसाररूप कूवामां पमीने दुःख पमाय एवा प्रमादने करे छे. ॥ ५२ ॥

उवलद्धो जिणधम्मो, न य अणुचिन्नो पमायदोसेणं ॥
हा जीव अप्पवेरि अ, सुबहुं परउ विसूरहिसि ॥ ५३ ॥

शब्दार्थः-हे जीव तने जिनेश्वरनो धर्म प्राप्त थयो, पण तें प्रमादना दोषथी तेने सेव्यो नहि; जेथी हे आत्मवैरी! तुं आगल बहुज खेद करीश. ॥ ५३ ॥

सोअंति ते वराया, पत्था समुवछिअंमि मरणंमि ॥

पावपमायवसेणं, न संचिडं जेहिं जिणधम्मो ॥ ५४ ॥

शब्दार्थः-जेमणे पापरूप प्रमादना वश्यथी जिनधर्म नथी सेव्यो ते रांक पुरुषो मरण प्राप्त थये छते शोक करे छे. ५४

धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होइ ॥
मरिऊण रायराया, परिपच्चइ निरयजालाए ॥ ५५ ॥

शब्दार्थः--आ संसारनेज धिक्कार छे! धिक्कार छे!! धिक्कार छे!!! कारणके, देवता मरीने तिर्यंच थाय छे अने चक्रवर्त्ती मरीने नरकनी ज्वालामां पचाय छे. ॥ ५५ ॥

जाइ अणाहो जीवो, दुमस्स पुप्फंव कम्मवायहओ ॥
धनधन्नाहरणाइं, घरसयणकुडुंब मिल्हेवि ॥ ५६ ॥

शब्दार्थः--अनाथ जीव धन, धान्य, आभरण, घर, स्वजन अने कुटुंबने तजीने कर्मरूप वायुथी हणायो छतो वृक्षनां पुष्पनी पेठे नीचे पडे छे. (नीची गति पामे छे.) ॥ ५६ ॥

वसिअं गिरीसु वसिअं, दरीसु वसिअं समुद्दमज्झंमि ॥
रुक्खग्गेसु अ वसिअं, संसारे संसरंताणं ॥ ५७ ॥

शब्दार्थः-हे आत्मन्! संसारने विषे भमता एवा तें पर्वतो उपर, गुफामां, समुद्रमां अने वृक्षोनां अग्रभागने विषे निवास कर्यो छे.

देवो नेरइओ त्ति य, कीड पयंगु त्ति माणुसो एसो ॥
रूवस्सी य विरूवो, सुहभागी दुक्खभागी य ॥ ५८ ॥

शब्दार्थः-हे जीव! तुं केटलीक वखत देवता, नारकी, कीडो पतंग अने मनुष्य थयो छे. वळी तेनो तेज तुं केटलीक वखत रूपवंत, कुरूपवंत, सुखी अने दुःखी थयो छे. ॥५८॥

राइत्ति य दमगुत्ति य, एस सपागुत्ति एस वेअविऊ ॥
सामी दासो पुज्जो, खलुत्ति अधणो धणवइ त्ति ॥५९॥

शब्दार्थः--एज तुं केटली वखत राजा, भीखारी, चंमाल, ब्राह्मण, स्वामी, दास, पूज्य, खल, निर्धन अने धनवंत थयो छे.

नविअत्थिकोइनियमो,सकम्मविणिविठसरिसकय चिठो

अन्नुन्नरूववेसो, नडुव परिअत्तए जीवो ॥ ६० ॥

शब्दार्थः--ए पूर्वे कहेलामां कोइ जातनो नियम नथी. कारणके, पोते पोतानां कर्मनी रचना प्रमाणे चेष्टा करनारो जीव नटनी पेठे जूदां जूदां रूप लइने फरया छे. ॥ ६० ॥

नरएसु वेयणाउ, अणोवमाउ असायवहुलाउ ॥

रे जीव तए पत्ता, अणंतखुत्तो वहुविहाउ ॥ ६१ ॥

शब्दार्थः--अरे जीव ! तें नरकमां उपमा रहित अने अशाता वेदनावाली बहु प्रकारनी वेदनाउ अनंतीवार प्राप्त करी छे.

देवत्ते मणुअत्ते, पराभिउगत्तणं उवगएणं ॥

भीसणदुहं वहुविहं अणंतखुत्तो समणुभूअं ॥ ६२ ॥

शब्दार्थः--हे जीव ! तें देवपणामां, मनुष्यपणामां परतंत्र पणानें पामवाथी बहु प्रकारनुं जयंकर डुख अनंतीवार अनुजव्युं छे.

तिरिअगइं अणुपत्तो, भीमममहावेअणा अणेगविहा॥

जम्मणमरणरहट्टे, अणंतखुत्तो परिब्भमिउ ॥ ६३ ॥

शब्दार्थः--हे जीव ! तीर्यंच गतिने पामेलो तुं अनेक प्रकारनो नयंकर वेदनावाळा जन्म मरण रूप रेंहेंटमां अनंतीवार जम्योतुं.

जावंति केवि दुक्खा, सारीरा माणसा व संसारे॥

पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥ ६४ ॥

शब्दार्थः--संसारमां शरीरसंबंधी अने मनसंबंधी जेटलां कोइ डुखो छे ते सर्वे आ संसाररूप अरण्यमां जमता एवा जीवे अनंतीवार पाम्यो छे ॥ ६४ ॥

तराहा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ॥
जं पसमेउं सव्वो-दहीणमुदयं न तीरिज्जा ॥ ६५ ॥

शब्दार्थः—हे जीव! तने तेवा प्रकारनी (तृष्णा) तृष्णा संसारने विषे अनंतीवार थइ छे के, जे तृष्णाने शमाववा माटे सर्वे समुद्रोनुं पाणी पण समर्थ न थाय. ॥ ६५ ॥

आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसीआ ॥
जं पसमेउं सव्वो, पुग्गलकाउवि न तरिज्जा ॥६६॥

शब्दार्थः—हे जीव! वली तने संसारमां तेवी क्षुधा अनंतीवार उत्पन्न थइ छे के, जे क्षुधाने शमाववाने घृतादि पुद्गल समूहो पण समर्थ न थाय ॥ ६६ ॥

काऊण मणेगाइं, जम्मणमरणपरिअट्टणसयाइं ॥
दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छिअं जीवो॥६७॥

शब्दार्थः—ज्यारे जीव अनेक एवा जन्म मरणना सैंकडो परावर्तन करीने दुःखथी मनुष्यभव पामे त्यारे ते इच्छित सुख पामे छे.

तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं च माणुअत्तं ॥
धम्मंमि जो विसीअइ, सो काउरिसो न सप्पुरिसो॥६८

शब्दार्थः—जे पुरुष दश दृष्टांतथी दुर्लभ अने विजलीना जेवा चंचल एवा ते मनुष्य भवने पामीने धर्मने विषे खेद पामे छे, ते कायर पुरुष जाणवो पण सत्पुरुष न जाणवो. ॥ ६८ ॥

(उक्तानि सूक्तम.)

माणुस्सजम्मे तडि लद्धयंमि, जिणिंदधम्मो न कओअ जेण ॥
तुट्टे गुणे जह धाणुक्कएणं, हत्था मलेव्वाय अवस्स तेणं ॥

शब्दार्थः—जेणे मनुष्यजन्मरूप संसारमां [illegible] करी जेणे [illegible] मनुष्यनी दोरी [illegible]

त्रुटी जवाथी धनुष्यधारी पुरुषने हाथ घसवा पके छे तेम अव-श्य हाथ घसवा पके छे. ॥ ६ए ॥

रेजीव निसुणि चंचलसहाव, मिल्हेविणु सयलवि बझजाव
नवजेअपरिग्गहविविहजाल, संसारि अत्थि सहुइंदआल

शब्दार्थः–अरे जीव! सांजल. तुं चंचल स्वजाववाला आ सर्व बाह्य जावोने अने नव जेदवाला परिग्रहना विविध समूह ने मूकीने परलोकमां जइश, माटे संसारमां शरीरादि जे कांइ देखाय ते सर्व इंडजाल समान छे. ॥ ७० ॥

पियपुत्तमित्तघरघरणिजाय,
इहलोइअ सव नियसुहसुहावे ॥
नवि अत्थि कोइ तुह सरणि मुक्ख,
इक्कलु सहसि तिरिनिरयदुक्ख ॥ ७१ ॥

शब्दार्थः–हे मूर्ख! आ लोक संबंधी सर्व पिता, माता, पुत्र, मित्र, घर अने स्त्री विगेरेनो समूह पोतपोताने सुख करवाना स्वजाववा-लो छे; परंतु तिर्यंच अने नरकनां दुःखने तो तुं एकलोज सहन करीश. ते वखते तेमांनुं कोइ त्हारे शरण करवा योग्य नथी. ७१

(मागधिकावृत्तम्)

कुसग्गे जह उसबिंदुए, थोवं चिठइ लंबमाणए ॥
एवं मणुआण जीविअं, समयं गोअम मा पमायए७२

शब्दार्थः–जेम दर्जना अग्रजाग उपर रहेलुं पाणीनुं बिंदु थोमो वखत रहेछे, तेम मनुष्यनुं जीवीत पण थोमा वखतनुं छे, माटे हे गौतम ! एक समय पण प्रमादी थइश नहि. ॥ ७२ ॥

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पिच्च डुल्लहा ॥
नो हू उवणमंति राईउ, नो सुलहं पुणरवि जीवियं

शब्दार्थः—हे भव्यजीवो ! बोध पामो. शा माटे बोध पामता नथी? मृत्यु पाम्या पछी परभवमां बोधि दुर्लभ छे. गयेलां रात्री दिवस पाछा आवतां नथी. तेमज जीवित पण फरी मलवुं सुलभ नथी. ॥ ७३ ॥

डहरा बुड्ढा अ पासह, गब्भत्थावि चयंति माणवा ॥
सेणे जह वट्टयं हरे, एवं आउखयंमि तुट्टइ ॥७४॥

शब्दार्थः-बालक, वृद्ध अने गर्भमां रहेला माणसो मृत्यु पामे छे, तेने तुं जो. वली जेम सिंचाणो तेतरने मारे छे तेम आयुष्यनो क्षय थये जीवित त्रुटी जाय छे. ॥ ७४ ॥

(आर्यावृत्तम्.)

तिहुअणजणं मरंतं, दट्ठूण नयंति जे न अप्पाणं ॥
विरमंति न पावाउ, धिधि धिठत्तणं ताणं ॥ ७५ ॥

शब्दार्थः-जे पुरुषो मृत्यु पामता एवा त्रण भुवनना माणसोने जोता छता पोताना आत्माने धर्मने विषे स्थापन करता नथी अने पापथी निवर्त्तता नथी, तेओनां धिठपणाने धिक्कार छे! धिक्कार छे!!

मा मा जंपह बहुअं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ॥
सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ॥ ७६ ॥

शब्दार्थः-(अयोग्य शिष्योने उपदेश करता गुरुने जोइ योग्य शिष्य गुरुने कहे छे के,) "हे गुरो! जे पुरुषो पोतानां चिकणां कर्मथी बंधायला छे, तेमने बहु उपदेश न करो, कारणके ते अयोग्य शिष्योने हितोपदेश महा दोषवालो थाय छे. ॥७६॥

कुणसि ममत्तं धणसयण-विहवपमुहेसु अणंतदुक्खेसु ॥
सिढिलेसि आयरं पुण, अणंतसुक्खंमि मुक्खंमि ॥७७॥

शब्दार्थः-हे आत्मन् ! तुं अनंत दुःखनां कारण एवा धन

स्वजन अने लक्ष्मी विगेरेमां ममता करे छे अने वली अनंत सुखवाला मोक्षने विषे आदरने शिथिल करे छे. ॥ ७७ ॥

संसारो दुहहेऊ, दुक्खफलो दुस्सहदुक्खरूवो अ ॥
न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥७८॥

शब्दार्थः–हे जीव ! आ संसार दुःखनुं कारण, दुःख छे फल जेनुं एवो अने दुःसह दुःखरूपज छे. स्नेहरूप बेडीथी बंधायला जीवो ते संसारने पण त्यजी देता नथी. ॥ ७८ ॥

निअकम्मपवणचलिअ, जीवो संसारकाणणे घोरे ॥
का का विडंबणाउ, न पावए दुसहदुक्खाउ ॥ ७९ ॥

शब्दार्थः-आ घोर संसाररूप अरण्यमां पोतानां कर्मरूप पवनथी चंचल एवो जीव! जेनाथी दुःसह दुःख उत्पन्न थाय छे एवी कइ कइ वध बंधनादि विटंबना नथी पाम्यो ? अर्थात् सर्व पाम्यो छे.

सिसिरंमि सीअलानिल-लहरिसहस्सेहिं भिन्नघणदेहो
तिरिअत्तणंमिऽरन्ने, अणंतसो निहणमणुपत्तो ॥८०॥

शब्दार्थः-हे जीव ! तुं तिर्यंच भवमां अरण्यने विषे शियालामां शितल पवननी हजारो लेहेरोथी भेदायेला दृढ देहवालो थइने अनंतीवार मृत्यु पाम्यो छे ॥ ८० ॥

गिम्हायवसंतत्तो, रन्ने छुहिओ पिवासिओ वहुसो ॥
संपत्तो तिरिअभवे, मरणदुहं बहु विसूरंतो ॥८१॥

शब्दार्थः–हे जीव ! तुं तिर्यंच भवमां अरण्यने विषे उनालाना तापथी तप्त थयो छतो बहुवार भूख्यो तथा तरस्यो थइने बहु खेद पामतो मृत्यु पाम्यो छे ॥ ८१ ॥

वासासुऽरन्नमज्झे, गिरिनिज्झरणोदगेहिं वज्झंतो ॥
सीआनिलडज्झविओ, मओसि तिरिअत्तणे बहुसो ॥८

शब्दार्थः--हे जीव ! तुं तिर्यंच भवमां चोमासाने विषे
वनमां पर्वतोनां झरणानां पाणीथी खेंचाइने शितल पवनथी
दग्ध थयो हतो बहुवार मृत्यु पाम्यो छे. ॥ ८२ ॥

एवं तिरिअभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ॥
वसिओ अणंतखुत्तो, जीवो भीसण भवारन्ने ॥८३॥

शब्दार्थ--ए प्रमाणे तिर्यंच भवमां सेंकडो दुःखोथी क्लेश
पामतो जीव भयंकर संसाररूप अरण्यमां अनंतीवार वस्यो छे.

दुट्ठकम्मपलया-निलपेरिओ भीसणंमि भवरन्ने ॥
हिंडन्तो नरएसुवि, अणंतसो जीव पत्तोसि ॥ ८४ ॥

शब्दार्थः--हे जीव ! दुष्ट एवां आठ कर्मरूप प्रलयकालना प-
वनथी प्रेरायेलो तुं भयंकर संसाररूप अरण्यमां चालतो हतो
नरकने विषे पण अनंतीवार दुःख पाम्यो छे. ॥ ८४

सत्तसु नरयमहीसु, वज्जानलदाहसीअविअणासु ॥
वसिओ अणंतखुत्तो, विलवंतो करुणसद्देहिं ॥ ८५ ॥

शब्दार्थः--हे जीव ! वज्राग्निनो दाह छे जेमां तथा अत्यंत
शीत वेदना छे जेमां एवी सात नरक पृथ्वीमां तुं करुण शब्द-
थी विलाप करतो छतो अनंतीवार वस्यो छे, ॥ ८५ ॥

पियमायसयणरहिओ, दुरंतवाहिहिं पीडिओ बहुसो ॥
मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि ॥ ८६ ॥

शब्दार्थः--हे जीव ! आ सार रहित मनुष्यभवमां पिता
माता अने स्वजनथी रहित अने महा व्याधियी बहुवार पीडा पा-
मीने बहु विलाप कर्यो ते मनुष्य भवने शुं नथी संभारतो?

[illegible] अलक्खिओ भमइ भववणे जीवो ॥
[illegible], धणसयणसंघाए ॥८७॥

शब्दार्थः--जीव आ संसाररूप वनमां ठेकाणे ठेकाणे धन स्वजनना समूहने त्यजी दइ आकाशमां पवननी पेठे अदृश्य थयो छतो भ्रमे छे. ॥ ८७ ॥

विद्धिजंता असयं, जम्मजरामरणतिरककुंतेहिं ॥
दुहमणुहवंति घोरं संसारे संसरंत जीआ ॥८८॥
तहवि खणंपि कयावि हु, अन्नाणभुयंगमंकिआ जीवा
संसारचारगाओ, नयओ, विज्जंति मूढमणा ॥ ८९ ॥

शब्दार्थः--संसारमां भ्रमता एवा जीवो जन्म, जरा अने मरणरूप तीक्ष्ण भालाथी निरंतर विंधाया छता घोर दुःखने अनुभवे छे तो पण मूढ मनवाला अने अज्ञानरूप भुजंगथी डसायला जीवो क्यारे पण निश्चे संसाररूप बंधीखानामांथी क्षणमात्र उद्वेग पामता नथी. ॥ ८८-८९ ॥

कीलसि किअंतवेलं, सरीरवावीइ जत्र पइसमयं ॥
कालरहटघमीहिं, सोसिज्जइ जीविअंभोहं ॥ ९० ॥

शब्दार्थः--हे जीव ! तुं शरीररूपी वाव्यने विषे केटली वखत सुधी क्रीडा करीश ? के, जे वाव्यमां समये समये कालरूप रहेंटनी घडीयोथी जीवितरूप पाणीनो प्रवाह सूकाइ जाय छे.

रे जीव बुज्झ मा मुज्झ, मा पमायं करेसि रे पाव ॥
किं परलोए गुरुदुक्ख-भायणं होहिसि अयाण ॥९१॥

शब्दार्थः--अरे जीव ! तुं बोध पाम. मोह न पाम. अरे पाप ! तुं धर्ममां प्रमाद न कर अरे अज्ञान ! तुं परलोकमां महा दुःखनो पात्र केम थाय छे? ॥ ९१ ॥

बुज्झसु रे जीव तुमं, मा मुज्झसु जिणमयंमि नाऊणं ॥
जह्मा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ॥ ९२

शब्दार्थः--अरे जीव! तुं बोध पाम अने धर्मस्वरूप जाणीने जिनमतमां मोह न पाम. अरे जीव! कारणके, फरीथी आ सामग्री मलवी दुर्लभ छे. ॥ ९२ ॥

दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी य ॥
दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ९३

शब्दार्थः--जिनधर्म फरीथी मलवो दुर्लभ छे. तेम तुं प्रमादनी खाण अने सुखनी इच्छा करनारो छे. वली नरक दुःख दुःसह छे, माटे हुं नथी जाणतो के, परलोकमां तुं केम थइश अर्थात् त्हारी शी गति थशे ? ॥ ९३ ॥

अथिरेण थिरो समले-ण, निम्मलो परवसेण साहीणो॥
देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पजत्तं ॥९४॥

शब्दार्थः--जो अस्थिर, मलिन अने परस्वाधिन एवा देहथी स्थिर, निर्मल अने स्वाधिन एवो धर्म मेलवी शकाय तो पछी शुं आम करवुं न कहेवाय ? ॥ ९४ ॥

जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं
गुणविहवविज्जयाणं, जियाण तह धम्मरयणंपि ९५

शब्दार्थः--अल्प पुण्यवालाने जेम चिंतामणि रत्न सुलभ न होय तेम गुणविभव रहित जीवोने धर्मरत्न पण सुलभ न होय.

जह दिठीसंजोगो, न होइ जम्मंधयाण जीवाणं ॥
तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ॥९६॥

शब्दार्थः जेम जन्मांध जीवोने आंखोथी देखवुं थवुं नथी तेम मिथ्यात्वथी आंधला जीवोने जिनमतनो संयोग थतो नथी.

पच्चक्खमणंतगुणो, जिणिंदधम्मो न दोससंमावि ॥
तहवि हु अन्नाणंधा, न रमंति कयावि तंमि जियाण

शब्दार्थः-प्रत्यक्ष एवा अनंतगुणवाला जिनराजना धर्मने विषे दोषनो लेश मात्र नथी. तो पण अज्ञानथी आंधला जीवो निश्चे ते धर्मने विषे क्यारे पण रमता नथी. ॥ ९७ ॥

मिच्छे अणंतदोसा, पयडा दीसंति नवि य गुणलेसो ॥
तहवि य तं चेव जिया, हा मोहंधा निसेवंति ॥ ९८ ॥

शब्दार्थ—मिथ्यात्वथी प्रगट अनंत दोषो देखायछे अने गुणलेश देखातो नथी. तोपण मोहथी आंधला जीवो ते मिथ्यात्वनेज सेवे छे. ए घणुं आश्चर्य छे. ॥ ९८ ॥

धि द्धी ताण नराणं, विन्नाणे तह गुणेसु कुसलत्तं ॥
सुहसच्चधम्मरयणे, सुपरिक्खं जे न जाणंति ॥ ९९ ॥

शब्दार्थः-सुखरूप अने सत्यरूप धर्मरत्नने विषे जे पुरुषो उत्तम परीक्षा नथी जाणता. ते पुरुषोना विज्ञानने विषे अने गुणने विषे कुशलपणाने धिक्कार थाओ ! धिक्कार थाओ !! ॥ ९९ ॥

(अनुष्टुप्वृत्तम्)

जिणधम्मोऽयं जीवाणं, अप्पुवो कप्पपायवो ॥
सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥ १०० ॥

शब्दार्थः—आ जिनधर्म जीवोने अपूर्व कल्पवृक्ष छे, तेथी ए कल्पवृक्ष स्वर्ग अने मोक्षनां सुखरूप फलोनो आपनार छे. १००

धम्मो बंधु सुमित्तो अ, धम्मो अ परमो गुरु ॥
मुक्खमग्ग पयट्टाणं, धम्मो परमसंदणो ॥ १०१

शब्दार्थः-धर्म एज बंधु अने उत्तम मित्र छे. वली धर्म उत्तम गुरु छे तेमज धर्म मोक्ष मार्गमां प्रवृत्तेलाने उत्कृष्ट रथ समान छे. ॥१०१ ॥ (आर्यावृत्तम.)

चउगइणंतदुहानल-पलित्तभवकाणणे महाभीमे ॥

सेविसु रे जीव तुमं, जिणवयणं अमियकुंडसमं ॥१०२॥

शब्दार्थः--अरे जीव ! महा भयंकर अने चार गतिना अनंत दुःखरूप अग्निथी सळगता संसाररूप वनमां अमृतनां कुंड समान जिनराजनां वचनने सेवन करय. ॥१०२॥

विसमे भवमरुदेसे, अणंत दुह गिम्हतावसंतत्ते ॥
जिणधम्मकप्परुक्खं, सरसु तुमं जीव सिवसुहदं ॥१०३॥

शब्दार्थः--हे जीव ! तुं विषम अने अनंतां दुःखरूप उनाळाना तापथी तप्त एवा मरुदेशमां मोक्षतुल्य आपनारा जिनधर्मरूप कल्पवृक्षनुं सेवन कर. ॥ १०३ ॥

किं बहुणा जिण धम्मे, जइअव्वं जह भवोदहिं घोरं ॥
लहुतरियमणंतसुहं, लहइ जिअ सासयं ठाणं १०४

शब्दार्थ-हे आत्मन् ! बहु कहेवाथी शुं ? परंतु त्हारे जिन धर्मने विषे ते प्रकारे यत्न करवो के, जेथी जीव भयानक एवा संसाररूप समुद्रने कट तरीने अनंत सुखवाळा मोक्षस्थानने पामे,

॥ इति वैराग्यशतक समाप्तम् ॥

॥ अथ अभव्य कुलकम् ॥

जह अभविय जीवेहिं, नफासिया एवमाइया भावा ॥
इंदत्तमणुत्तरसुर, सिलायनर नारयत्तं च ॥ १ ॥

शब्दार्थः-अभव्य जीवो ए आगळ कहेवामां आवशे ते भावो स्पर्श्या नथी. ते इंद्रपणुं, अनुत्तरवासी देवपणुं, त्रेसठ शलाका पुरुषपणुं अने नव नारदपणुं ॥ १ ॥

केवलिजिणगणहरहत्थे, पव्वज्जा निव्वच्छरं दाणं ॥
पवयणसुरी सुरत्तं, लोगंतिय देवसामित्तं ॥ २ ॥

शब्दार्थ-वळी केवळी तथा गणधरना हाथे दीक्षा, ती-

थंकरनुं वार्षिक दान, प्रवचननी अधिष्टायक देवी तथा देवप-
णुं, लोकांतिक देवपणुं अने देवपतिपणुं न पामे ॥ २ ॥

तायत्तीससुरत्तं, परमाहम्मिय जुयलमणुअत्तं ॥
संभिन्नसोयं तह, पुव्वधराहारयपुलायत्तं ॥ ३ ॥

शब्दार्थः—त्रायस्त्रिंशकदेवपणुं, पंदर जातिना परमाधामि-
पणुं, युगलिया मनुष्यपणुं, वली सभिन्न श्रोत लब्धि, पूर्वधरल-
ब्धि, आहारकलब्धि अने पुलाकलब्धिपणुं पण न पामे ॥३॥

मणनाणाई सुलद्धि, सुपत्तदाणं समाहिमरणत्तं ॥
चारणदुगमहुसिप्पय, खीरासव खीरठाणत्तं ॥ ४ ॥

शब्दार्थः—मतिज्ञान तथा श्रुतज्ञाननी लब्धि, सुपात्रदान,
समाधि मरण; विद्याचारण अने जंघाचारणनी लब्धि, मधुसर्पि
लब्धि, क्षिराश्रव लब्धि क्षिर स्थानकी लब्धि पण न पामे ॥४॥

तित्थयर तित्थपडिमा, तणुपरिभोगाइ कारणेवि पुणो ॥
पुढवाइय भावंमि वि, अभवजीवेहिं नो पत्तं ॥ ५ ॥

शब्दार्थः—तीर्थंकर तथा तीर्थंकरनी प्रतिमा, वली शरीरना
परिभोगादि कारणमां न पामे. तेमज अभव्य जीवो पृथ्वीकाय
ना भावोने विषे पण न प्राप्त थाय ॥ ५ ॥

चउदसरयणत्तंपि, पत्तं न पुणो विमाणसामित्तं ॥
सम्मत्तनाणसंयम, तवाइ भावा न भावदुगे ॥ ६ ॥

शब्दार्थः—चौद रत्नपणुं अने वली विमाननुं स्वामीपणुं न
पामे. वली सम्यक्त, ज्ञान, दर्शन, चारित्र, अने तपादि बाह्यान्यंतर
ए बे भाव पण न पामे ॥ ६ ॥

अणुभवजुत्ता भत्ती, जिणाणसाहम्मियाण वच्छलं ॥
न य साहेइ अभवो, संविगत्तं न सुप्पखं ॥ ७ ॥

शब्दार्थः--अभव्य जीव अनुभव युक्त भक्ति, जिनेश्वरनी आज्ञा प्रमाणे साधर्मिनी सेवा भक्ति, संसारथी वैराग्यपणुं ते-मज उत्तम पक्ष न पामे. ॥ ७ ॥

जिणजणयजणणिजाया, जिणजक्खाजक्खणी जुगपहाणा।
आयरियपयाइदसगं, परमठगुणाहमप्पत्तं ॥ ८ ॥

शब्दार्थ-जिनेश्वरना माता, पिता, स्त्री, जक्ष, जक्षणी अ-न युगप्रधान पण न थाय. वली आचार्यादि दश पदनो विनय तेमज परमार्थथी अधिकपणुं न पामे. ॥ ८ ॥

अणुबंधहेउसरूवा, तठ अहिंसा तिहा जिणुद्दिठा ॥
दव्वेण य भावेण य, दुहावि तेसिं न संपत्ता ॥ ९ ॥

शब्दार्थ--वली अभव्य जीव अनुबंध, हेतु अने स्वरूप एवी त्रण प्रकारे श्री जिनेश्वरे कहेली अहिंसा द्रव्य अने भाव ए बे भेदथी न पामे ॥ ९ ॥

॥ इति अभव्यकुलम् ॥

॥ अथ पुण्यकुलकम् ॥

संपुन्नइंदियत्तं, माणुसत्तं च आयरियखित्तं ॥
जाइकुलजिणधम्मो, लब्भंति पभूयपुन्नेहिं ॥ १ ॥

शब्दार्थः-घणां पुण्यना उदयथी पांच इंद्रियनुं अखंडितपणुं, मनुष्यपणुं, आर्यक्षेत्र, जाति, कुल अने जिनधर्म प्राप्त थाय छे.

जिणचलणकमलसेवा, सुगुरुपायपज्जुवासणं चेव ॥
सज्झाय वायवग्गं, लब्भंति पभूयपुन्नेहिं ॥ २ ॥

शब्दार्थः-घणां पुण्यना उदयथी जिनराजनां चरणकमलनी सेवा, सुगुरुनां चरणनी सेवा, वांचनादि पांच प्रकारनो स-

काय अने मार्ग वादने जीतवापणुं प्राप्त थाय छे. ॥ २ ॥
सुद्धो बुहो सुगुरुहिं, संगमो उवसमं दयालुत्तं ॥
दाखिन्नं करुणंजो, लप्नंति पन्नूयपुन्नेहिं ॥ ३ ॥
शब्दार्थ–घणां पुण्यना उदयथी शुरू बोधी बीजनुं पामवुं,सुगुरु साथे समागम, शांतपणुं, दाक्षिण्यपणुं अने करुणा प्राप्त थायछे.
समत्तं निच्चलंतं, वणाय परिपालणंअमायत्तं ॥
पढणं गुणणं विणउं, लप्नंति पन्नूयपुन्नेहिं ॥ ४ ॥
शब्दार्थ--घणां पुण्यना उदयथी निश्चल समकीत, वचननुं पालवुं, कपट रहितपणुं, भणवुं, गणवुं अने गुरुविगेरेनो विनय करवो विगेरे प्राप्त थाय छे. ॥ ४ ॥
उस्सगो उववाय, निच्छह विवहारंमि निउणत्तं ॥
मणवयणकायसुद्धी, लप्नंति पन्नूयपुन्नेहिं ॥ ५ ॥
शब्दार्थः-घणां पुण्यना उदयथी उत्सर्ग, अपवाद, निश्चय अने व्यवहारमां निपुणपणुं. वळी मन, वचन अने कायानो शुद्धि प्राप्त थाय छे. ॥ ५ ॥
अवियारं तारुन्नं, जिणाणं राउ परोवियारत्तं ॥
निक्कंपयायझाणे, लप्नंति पन्नूयपुन्नेहिं ॥ ६ ॥
शब्दार्थ–घणां पुण्यना उदयथी अविकारी युवावस्था,जिन आज्ञामां राग, परोपकारपणुं,धर्मध्यानमां निश्चळपणुं प्राप्त थाय छे,
परनिंदापरिहारो, अप्पसंसा अत्तणो गुणाणं च ॥
संवेगो निवेगो, लप्नंति पन्नूयपुन्नेहिं ॥ ७ ॥
शब्दार्थः-घणां पुण्यना उदयथी परनिंदानो त्याग, पोतानी अप्रशंसा अने पोताना गुणना अवगाण, संसारथी वैराग्य अने

संसारथी निकलवानो इच्छा प्राप्त थाय छे. ॥ ७ ॥

निम्मलसीलाब्भासो, दाणुल्लासो विवेग संवासो ॥
चउगइदुहसंत्तासो, लब्भंति पभूयपुन्नेहिं ॥ ८ ॥

शब्दार्थः-घणां पुण्यना उदयथी निर्मल शीलनुं पालवुं, दान आपवामां उल्लास, हिताहितना विवेकनुं समीपपणुं अने चार गतिनां दुःखना त्रासनुं जाणपणुं होय छे. ॥ ८ ॥

दुक्कडगरिहा सुकडा-णुमोयणं पायछित तवचरणं ॥
सुहझाण नमुक्कारो, लब्भंति पभूयपुन्नेहिं ॥ ९ ॥

शब्दार्थः-घणां पुण्यना उदयथी माठां कृत्यनी निंदा, सारां कृत्यनी अनुमोदना, खोटा कृत्यनुं प्रायश्चित्त लेवुं, तप करवुं, शुभ ध्यान करवुं अने नमस्कार करवो. ए सर्व प्राप्त थाय छे.

इयगुणमणिभंडारो, सामग्गी पाविऊण जेण कउ ॥
छिन्नमोहपासा, लहंति ते सासयसुक्खं ॥ १० ॥

शब्दार्थः--आ उपर कहेला गुणरूप मणिना भंडाररूप सामग्री पामीने जेणे ते प्रमाणे आचरण कर्युं छे ते, मोहना पासने तोडी नाखी शाश्वतां सुखने पामे छे.॥१०॥ इति पुण्यकुलकम् ॥

॥ अथ पुण्यपाप कुलकम् ॥

छत्तीसदिणसहस्सा, वाससये होइ आउपरिमाणं ॥
जिणंतं पडिसमयं, पिच्छंत धम्मंमि जइअव्वं ॥ १ ॥

शब्दार्थः-सो वर्षना छत्रीस हजार दिवस, आयुष्यनुं एटलुं परिमाण होय छे. ते समये समये ओछुं थतुं जाय छे, एम जाणीने धर्ममां यत्न करवो. ॥ १ ॥

जइ पोसहसहिआणं, तवनियमगुणेहिं गच्छइ एकदिणं ॥
ता बंधइ देवाउं, इत्तियमित्ताइं पलिआइं ॥ २ ॥

शब्दार्थः-जो कोइ जीव पोषह सहित तप नियमना गुणो थी एक दिवस गमावे तो ते आगल कहेशे तेटला पल्योपमनुं देवतानुं आयुष्य बांधे छे. ॥ २ ॥

सगवीसं कोमीसया, सतहुत्तरी कोमीलक्क सहस्सा य॥
सत्तसया सतहुतरि, नवन्नागा सतपलियस्स ॥ ३ ॥

शब्दार्थः--सत्तावीस सो क्रोम, सीत्योतेर क्रोम, सीत्योतेर लाख सीत्योतेर हजार, सातसोने सीत्योतेर एटला पल्योपम अने वली एक पल्योपमनो नवमो न्नाग. ॥ ३ ॥

अठासीई सहस्सा, वाससये दुन्नि लक्क पहराणं ॥
एगावि अ जइ पहरो, धम्मजुत्तं ता इमो लाहो ॥ ४ ॥

शब्दार्थः-एकसो वर्षना बे लाख अने अठासी हजार पहोर छे. तेमांथी जो कोइ जीव एक पण पहोर धर्म युक्त (पोसह व्रत युक्त) थाय तो तेने आगल कहेशे एटलो लान्न थायछे ।४।

तिसयसगंचत्तकोमि, लक्का बावीस सहस बावीसा ॥
दुसय दुवीस दुन्नागा, सुराउबंधो य इगपहरे ॥ ५ ॥

शब्दार्थः-त्रणसो सुम्तालीस क्रोम, बावीस लाख, बावीस हजार, बसो अने बावीस, पल्योपम अने वली उपर एक पल्योपमना बे न्नाग. वर्षमां एक पहोर पोसह करनारने देवतानां आयुष्यनो एटलो बंध थायछे. ॥ ५ ॥

दस लक्क असीय सहसा, महुत्त संखाय होइ वाससए ॥
जइ सामाइअसहिउं, एगोवि अता इमो लाहो ॥ ६ ॥

शब्दार्थः—सो वर्षनां मुहूर्त (बे घमीयो) दस लाख अने एंसी हजार थाय थायछे. जे जीव ए एक मुहूर्त सामायिक सहित तो तेने आगल

बाणवयकोमीउं, लरका गुणसहि सहस्स पणवीसं ॥
नवसयपणवीस जूआ, सतिहा अमन्नाग पलियस्स ७

शब्दार्थः--बाणुं क्रोम,ओगणसाठ लाख,पच्चीस हजार नवसो प-
च्चीस पल्योपम अने उपर एक पल्योपमना आठीय। सात न्नाग; ए
टलुं देवगतिनुं आयुष्य चघमी सामायक करनार जीव बांधे छे.

बासस्सये घमिआणं, लरिकगवीसं सहस्स तह सठी ॥
एगावि अ धम्मजुआ, जइ ता लाहो इमो होइ ॥ ८ ॥

शब्दार्थः--एक वर्षनी घमीयो एकवीश लाख अने साठ ह
जार थाय, तेमांथी एक घमी पण जो जीव धर्म युक्त होय तो
तेने आगली गाथामां कहेशे तेटला लाभ थाय छे.॥ ८ ॥

ठायालकोमी गुणती-स लरक अठसठी सहस्स सयनवगं
ते सठी किंचूणा, सुराउ बंधेइ इगघमिए ॥ ९ ॥

शब्दार्थः--एक घमी धर्म करनार जीव छेतालीश क्रोम, उ
गणत्रीस लाख, असठ हजार, नवसो अने कांइक ऊंठा पचा
[illegible] पल्योपमनुं आयुष्य बांधे. ॥ ९ ॥

सठी अहोरत्तेणं; घमीओ जस्स जंति पुरिसस्स ॥
नियमेणावि घमीओ, सो दिअहउं निप्फलो तस्स १०

शब्दार्थः--एक दिवसनी साठना प्रमाणे जे पुरुषनी घमी-
ओ जाय छे, तेमां एक नियमथी पण गदिन जाय ते दिवस तेनो
निष्फल जाणवो. ॥ १० ॥

[illegible] ॥
[illegible] ॥ ११ ॥
[illegible]
[illegible] ॥ ११ ॥
[illegible]

इक्कोवि अ ऊसासो, न य रहिउं होइ पुण्यपावहिं ॥
जइ पुण्णं सहिउ एगोविअ ता इमो लाहो ॥ १२ ॥

शब्दार्थः-तेमांथी एक पण श्वासोश्वास पुण्य पाप रहित होय नहि; परंतु कोइ जीव जो एक श्वासोश्वास पुण्य सहित होय तो तेने आगली गाथामां कहेशे तेटलो लाभ थाय छे. १२

लक्ख ऊग सहस पणचत्तं, चउसया अठ चेव पलियाइं
किंचूणा चउभागा, सुराउ वंधो इगुसासे॥ १३ ॥

शब्दार्थः-बे लाख, पीस्तालीस हजार, चारसो अने आठ पल्योपम वली कांइक ओछा चार भाग. एटलुं देवतानुं आयुष्य एक श्वासोश्वास धर्म करनारो पामे. ॥ १३ ॥

एगुणवीसं लक्खा, तेसठी सहस्स ऊसय सत्तठी ॥
पलियाइं देवाउं, वंधइ नवकार उस्सगो ॥ १४ ॥

शब्दार्थः-ओगणीस लाख, त्रेसठ हजार बसो ने अडसठ. एटला पल्योपमनुं देवायु नवकार गणनारो अथवा आठ श्वासोश्वास धर्म सेवनारो पामे. ॥ १४ ॥

लक्खिगसठी पणती-स सहस ऊसय दसपलिय, देवाउं
वंधई अहियं जीवो, पणवीसुसास उस्सगो ॥ १५ ॥

शब्दार्थः-एकसठ लाख, पांत्रीस हजार, बसो ने दश पल्योपमनुं देवतानुं आयुष्य पचीस श्वासोश्वास अथवा एक लोगस्सनो काउस्सग्ग करनार जीव बांधे. ॥ १५ ॥

पावई पारायाणं, हवेउ निरयाउ अस्स वंधोवि ॥
इअ नाउसिरि जिण कित्ति-अंमि धम्मंमि उयमं कुणह

शब्दार्थः-हे भव्य जीवो ! पाप करनाराने ए प्रमाणे नर

नाणं सुझाणं चरणस्स सोहा, सिसस्स सोहा विणए पविति

शब्दार्थः--उग्र तपवालानी क्षमा शोभावे, उपशमवालानी समाधिजोग शोभा छे, चारित्रनी ज्ञान अने उत्तम ध्यान ए बे शोभा छे अने शिष्यनी विनयमां प्रवृत्ति ए शोभा छे. ॥९॥

अभूसणो सोहइ बंभयारी, अकिंचणो सोहइ दिक्खधारी
बुद्धिजुओ सोहइ रायमंती, लज्जाजुओ सोहइ एगपत्ति १०

शब्दार्थः--आभूषण विना ब्रह्मचारी शोभे छे, परिग्रह रहित दीक्षाधारी शोभे छे; बुद्धिवंत राजमंत्री शोभे छे अने लज्जावंत पुरुष एक स्त्रीथी शोभे छे. ॥ १० ॥

अप्पाअरीहोइअणवठियस्स, अप्पाजसोसीलमओनरस्स
अप्पादुरप्पाअणवठियस्स, अप्पाज अप्पासरणंगईय॥

शब्दार्थः—अशांत माणसने पोतानो आत्मा वैरी छे शीलवंत माणसनो आत्मा जस पासे छे, अशांत माणसनो आत्मा दुरात्मा छे अने आत्माज आत्माने शरण करवा योग्य अने गतिरूप छे.

न धम्मकज्जा परमत्थिकज्जं, नपाणिहिंसा परमं अकज्जं ॥
न पेमरागा परमत्थि बंधो, न बोहिलाभापरमत्थि लाभो १२

शब्दार्थः--धर्म कार्य विना बीजुं उत्तम कार्य नथी, प्राणी हिंसा विना बीजुं अकार्य नथी. प्रेमराग विना बीजो बंध नथी अने बोधिलाभ विना बीजो लाभ नथी. ॥ १२ ॥

नसेविअव्वा पमया परक्का, न सेविअव्वा पुरिसा अविज्जा ॥
नसेविअव्वा अहिमा निहीणा, नसेविअव्वा पिसुणा मणुस्सा ॥

शब्दार्थः--परस्त्री सेववी नहि, मूर्ख पुरुषोने सेववा नहि, [illegible] सेववा नहि अने चाडिया माणसोने सेववा नहि. ॥ १३ ॥

जें धम्मिया ते खलु सेवियवा, जे पंम्फिया ते खलु पुछियवा
जे साहुणो ते अभिवंदियवा, जे निम्ममा ते पम्फिजाणियवा

शब्दार्थः--जे धर्मी माणसो छे ते सेववा योग्य छे, जे पंम्फित पुरुषो छे ते पूछवा योग्य छे, जे साधुर्ड छे ते वांदवा योग्य छे अने जे ममतारहित छे ते पम्फिछाणवा योग्य छे. ॥ १४॥

पुत्ताय सीसाय समं विभत्ता, रिसीय देवाय समं विभत्ता॥
मुक्खा तिरिक्खा यसमं विभत्ता, मुआ दरिद्दाय समंविभत्ता

शब्दार्थः--पुत्र अने शिष्यो सरखा जाणवा, मुनि अने देवता सरखा जाणवा, मूर्ख अने तिर्यंच सरखा जाणवा अने मूवेला तथा दरिद्री सरखा जाणवा. ॥ १५ ॥

सवाकला धम्मकला जिणाइ, सवाकहाधम्मकहाजिणाइ॥
सवंबलं धम्मबलं जिणाइ, सवं सुहं धम्मसुहं जिणाइ १६

शब्दार्थः-सर्वकलाने धर्मकला जीते, सर्व कथाने धर्मकथा जीते, सर्व बलने धर्मबल जीते अने सर्व सुखने धर्म सुख जीते.

जूए पसत्तस्य धणंस्स नासो, मंसं पसत्तस्य दयाइनासो॥
मर्ज पसत्तस्य जसस्सनासो, वेसापसत्तस्य कुलस्स नासो

शब्दार्थः--जुवटामां आसक्त थयेलाना धननो नाश थायछे, मांसमां आसक्त थयेलानी दयादिनो नाश थाय छे मद्यमां आसक्त थयेलाना जसनो नाश थाय छे अने वेश्यामां आसक्त थयेलाना कुलनो नाश थाय छे. ॥ १७ ॥

हिंसापसत्तस्य, सुधम्मनासो, चोरीपसत्तस्य सरीरनासो॥
तहापरत्थिसुपसत्तयस्स, सवस्सनासोअहमा गई य १८

शब्दार्थः-हिंसामां आसक्त थयेलाने सारा धर्मनो नाश थाय छे, चोरीमां आसक्त थयेलाना शरीरनो नाश थाय छे. ते

भज परस्त्रीमां आसक्त थयेला धन शरीरादि सर्वनो नाश अने अधम गति थाय छे. ॥ १८ ॥

दाणं दरिद्दस्सपहुस्स खंती, इच्छानिरोहोइ सुहोइ यस्स॥
तारुणए इंदियनिग्गहो य, चत्तारि एयाणि सुदुक्कराणि १ए

शब्दार्थः-दरिद्रीने दान आपवुं, श्रीमंतना क्षमा राखवी, इच्छाने रोकवी अने युवावस्थामां इंद्रियोने वश्य राखवी. ए चार बहु दुष्कर छे. ॥ १ए ॥

असासयं जीवियमाहु लोए, धम्मं चरे साहु जिणोवइठं
धम्मोयताणं सरणं गई य, धम्मं निसेवितु सुहं लहंति ॥

शब्दार्थः-लोकमां जीवीत अशाश्वतुं कह्युं छे माटे जिनेश्वरे कहेला उत्तम धर्मनुं आचरण करो. धर्म रक्षण कर्ता, शरण करवा योग्य अने सारी गति आपनारो छे. ए धर्मने सेवीने शाश्वतुं सुख पमाय छे ॥ २० ॥

॥ इति श्री गौतम कुलक ॥

॥ अथ दान कुलकम् ॥

परिहरिय रज्जसारो, उप्पाडिय संजमिक्क गुरुभारो ॥
खंधाउ देवदूसं, वियरंतो जयउ वीरजिणो ॥ १ ॥

शब्दार्थः-राज्यना सारने त्यजी देनारा, चारित्ररूप एक मोटा भारने उपाडनारा अने स्कंधथी देवदूष्य वस्त्र विप्रने आपी देनारा श्री महावीर प्रभु जयवंता वर्तो. ॥ १ ॥

धम्मत्थकाममेया, तिविहं दाणं जयंमि विक्खायं ॥
तहवि य जिणिंदमुणिणो, धम्मियदाणं पसंसंति ॥२॥

शब्दार्थः-धर्मदान अर्थदान अने कामदान एवा भेदथी

त्रण प्रकारनुं दान जगत्‌मां विख्यात छे. तो पण जिनेश्वरना मुनियो आहारादिक धार्मिक दानने वखाणे छे ॥ ३ ॥

दाणं सोहग्गकरं, दाणं आरुग्गकारणं परमं ॥
दाणं भोगनिहाणं, दाणं ठाणं गुणगणाणं ॥ ३ ॥

शब्दार्थः—दान सौभाग्य करनार छे दान श्रेष्ठ आरोग्यनुं कारण छे, दान भोगनुं निधान छे अने दान गुणसमूहनुं स्थानक छे.

दाणेण फुरइ कीत्ती, दाणेण य होइ निम्मला कंती ॥
दाणावज्जिय हियउ, वयरीवि हु पाणियं वहइ ॥ ४ ॥

शब्दार्थः—दानथी कीर्ति विस्तार पामेछे, दानथी निर्मल कांति थायछे, दानयुक्त हृदयवाळाउना शत्रुउ पण तेने घेर पाणी भरे छे.

धणसत्त्ववाहजम्मे, जं घयदाणं कयं सुसाहूणं ॥
तक्कारणमुसभजिणो, तेलुक्कपियामहो जाउ ॥ ५ ॥

शब्दार्थः—धन सार्थवाहना भवमां उत्तम साधुउने जे घीनुं दान कर्युं हतुं ते पुण्यना कारणथी रुषभदेव प्रभु त्रण लोकना पितामह (दादा) थया. ॥ ५ ॥

करुणाइ दिन्नदाणं, जम्मंतरं गहियपुन्नकिरियाणं ॥
तिच्छयरचक्करिर्द्धि, संपत्तो संतिनाहोवि ॥ ६ ॥

शब्दार्थः—कृपाथी पारेवाने अभयदान आपी पाछला भव माटे पुण्यरूप करीयाणांने खरीद करनारा शोळमा श्री शांतिनाथ तीर्थंकर अने चक्रवर्तीनी समृद्धीने पाम्या ॥ ६ ॥

पंचसयसाहुभोयण–दाणावज्जियसुपुन्नपप्भारो ॥
अच्छरियचरियभरिउ भरहो भरहाहिवो जाउ ॥७॥

शब्दार्थः—पांचसो साधुने भोजनना दानथी पुण्यनो समूह मेळवनार अने आश्चर्यकारी चरित्रथी भरपूर एवो भरत चक्रवर्त्ती भरतक्षेत्रनो स्वामी थयो. ॥ ७ ॥

सीलं धम्मनिहाणं, सीलं पावाण खंमणं जणियं ॥
सीलं जंतूणजए, अकित्तिमं मंमणं पवरं ॥ ३ ॥

शब्दार्थः--शील धर्मनो जंमार तेमज सील पापोने नाश करनारुं कह्युं छे. वळी जगत्‌मां शील एज माणसोने अकृत्रिम (साचुं) घराणुं छे. ॥ ३ ॥

नरयदुवारनिरुंभण--कवाडसंपुडसहोअरच्छायं ॥
सुरलोअधवलमंदिर--आरुहणे पवरनिस्सेणिं ॥ ४ ॥

शब्दार्थः--शील नरकना रस्ताने रोकवाने कमाडनी जोड सरखुं अने देवलोकरूप उज्वल मंदिरमां चडवाने श्रेष्ठ निसरणी रूप छे. ॥ ४ ॥

सिरि उग्गसेणधूआ, रायमई लहउ सीलवइरेहं ॥
गिरि विवरगउ जीए, रहनेमी गविउ मग्गे ॥ ५ ॥

शब्दार्थः--श्री उग्रसेन राजानीपुत्री राजीमति शीलवंती स्त्रीओमां रेखा पामी छे. कारण के, जेणे पर्वतनी गुफामां रहेला रथनेमिने धर्ममार्गने विषे रोकी राख्या छे. ॥ ५॥

पज्जलिउवि हु जलणो, सीलपभावेण पाणियं हवइ ॥
सा जयउ जए सीआ, जीसे पयडा जसपडाया ॥ ६ ॥

शब्दार्थः--जेना शील प्रभावथी झळहळमान एवो पण अग्नि पाणीरूप थयो. ते सीता जगत्‌मां जयवंती वर्ते छे के जेनी यशपताका प्रगट छे. ॥ ६ ॥

चालणिजलेण चंपा--ए जीइ उग्घाडियं दुवारतियं ॥
कस्स न हरेइ चित्तं, तीयं चरियं सुभद्दाए ॥ ७ ॥

शब्दार्थः--जेणे चालणीनां जल करीने चंपा नगरीना त्रण द्वार बाजा उघाड्या ते सुभद्रानुं चरित्र कोना चित्तने हरनारुं न थाय ?

नंदउ नमयासुंदरि, सा सुचिरं जीइ पालियं सीलं ॥
गहिलत्तणंपि काउं, सहिआ य विडंबणा विविहा ॥८॥

शब्दार्थः--ते नर्मदा सुंदरी आनंद पामो के, जेणे गांडापणुं करीने पण विविध प्रकारनी विटंबना सहन करीने शील पाल्युं ॥ ८ ॥

भद्दं कलावईए, भीसणरन्नंमि रायचत्ताए ॥
जंसा सीलगुणेणं, छिन्नंगं पुण नवा जाया ॥ ए ॥

शब्दार्थः--भयंकर अरण्यमां राजाए त्यजी दीधेली कलावतीनुं कल्याण थाउ के, जेना शीलगुणथी छेदायेला अंगो पण फरी नवा थया. ॥ ए ॥

सीलवईए सीलं, सक्कइ सक्कोवि पन्निउं नेव ॥
रायनिउत्ता सचिवा, चउरोवि पवंचिआ जीए ॥१०॥

शब्दार्थः--शीलवतीना शीलने इंद्र पण वर्णववाने समर्थ नथी. कारणके, जे शीलवंतीये राजाना मोकलावेला चार प्रधानोने पण छेतर्या छे. ॥ १० ॥

सिरिवद्धमाणपहुणा, सुधम्मलाभुत्ति जीई पट्टविउ ॥
सा जयउ जए सुलसा, सारयससि विमलसीलगुणा ११

शब्दार्थः--श्री वर्द्धमान स्वामीये जेने धर्मलाभ मोकल्यो हतो, ते शरद ऋतुना चंद्रसमान निर्मल गुणवाली सुलसा जगतमां जयवंती वर्तो. ॥ ११ ॥

हरिहरबंभपुरंदर-मयभंजणपंचबाणबलदप्पो ॥
लीलाइ जेण दलिओ, स थूलभद्दो दिसउ भद्दं ॥ १२ ॥

शब्दार्थः--हरि, हर, ब्रह्मा, अने इंद्रना मदने भागनार [illegible] कामदेवने जेणे लीलामात्रमां दर्यो [illegible] आपो. ॥ १२ ॥

मणहरतारुणभरे, पत्थिज्जंतोवि तरुणि नियरेणं ॥
सुरगिरिनिच्चलचित्तो, सो वयरमहारिसी जयउ ॥१३॥

शब्दार्थः—जे मनोहर तारुण्यना भारवाली स्त्रीरूप जनसमूहे प्रार्थना कर्या छतां पण मेरुपर्वतनी पेठे निश्चल चित्तवाला रहेला छे, ते श्री वज्रस्वामी जयवंता वर्त्तो ॥१३॥

थुणियं तस्स न सक्का, सड्ढस्स सुदंसणस्स गुणनिवहं॥
जो विसमसंकडेसुवि, पडिओवि अखंडशीलधणो १४

शब्दार्थः—ते सुदर्शन श्रावकनो गुणसमूह स्तुति करवो शक्य नथी. अर्थात् स्तुति करी शकाय तेवो नथी. कारण के, जे विषम शंकटमां पड्या छतां पण अखंड शीलरूपधन वालो रह्योछे.

सुंदरि सुनंद चिल्लण, मणोरमा अंजणा मिगावइ अ
जिणसासणसु पसिध्धा, महासइउ सुहं दिंतु॥ १५ ॥

शब्दार्थः—सुंदरी, सुनंदा, चिल्लणा, मनोरमा, अंजना अने मृगावती. जिनशासनमां प्रसिद्ध एवी ए महा सतीयो(तमने)सुख आपो

अचंकारिय चरिअं, सुणिऊणं को न धुणई किर सीसं
जा अखंडियसीला, भिल्लवइकयछिआवि दढं ॥ १६ ॥

शब्दार्थः—अचंकारी भटानुं चरित्र सांभलीने कोण पोतानुं मस्तक निश्चे न धुणावे ? के, जे भिल्लपतिये कष्ट आप्या छतां दृढ अखंडित शीलवाली रही ॥ १६ ॥

नियमित्तं नियभाया,नियजणउ नियपियामहो वावि ॥
नियपुत्तोवि कुसीलो, न वल्लहो होइ लोआणं ॥१७॥

शब्दार्थ-पोतानो मित्र, पोतानो भाइ, पोतानो बाप अथवा पोतानो बापनो बाप पण, वली पोतानो पुत्र पण जो कुशील होय तो ते लोकोने वहालो थतो नथी. ॥ १७ ॥

देवावि किंकरत्तं, कुणंति कुलजाइविरहिआणंपि ॥
तवमंतपन्नावेणं, हरिकेसबलस्स वरिसिस्स ॥ ८ ॥

शब्दार्थः—देवता पण कुलजाति रहितनुं पण दासपणुं करे छे. जुओ देवताए चंडालना कुलमां जन्मेला हरिकेशी महा मुनिनुं तपरूप मंत्रना प्रभावथी दासपणुं कर्युं छे. ॥ ८ ॥

पम्सयमेगपम्मेणं, एकेण घमेण घम्सहस्साइं ॥
जं किर कुणंति मुणिणो, तवकप्पतरुस्स तं खु फलं ए

शब्दार्थः—मुनियो जे एक वस्त्रवमे हजारो वस्त्र अने एक घमावमे हजारो घमाउना निश्चे करे छे, ते खरेखर तपरूप कल्प वृक्षनुं फल छे. ॥ ए ॥

अनिआणस्स विहिए, तवस्स तवियस्स किं पसंसामो ॥
किज्जइ जेण विणासो, निकाइयाणंपि कम्माणं ॥ १० ॥

शब्दार्थः—नीयाणा रहित विधिवमे करेलां तपने शुं वखाणीये? कारण के, जे तपथी निकाचित एवां पण कर्मनो विनाश कराय छे.

अइदुक्करतवकारी, जगगुरुणा कन्हपुच्छिएण तया ॥
वाहरिओ स महप्पा, समरिज्जउ ढंढणकुमारो ॥ ११ ॥

शब्दार्थः—श्री कृष्णना पुछवा उपरथी ते श्री जगत् गुरु नेमिनाथे "जेने अतिदुष्कर तप करनार छे." एम कह्युं हतुं, ते महात्मा श्री ढंढणकुमारने स्मरण करो. ॥ ११ ॥

पइदियहं सत्तजणे, वहिऊणं गहियवीर जिणदिक्खो ॥
दुक्करतवकरणरओ, अज्जुणओ मालिओ सिद्धो ॥ १२ ॥

शब्दार्थः—दररोज (छ पुरुष अने एक स्त्री) एम सात माणसोने हणीने पछी श्री वीरप्रभु पासे दीक्षा लइ दुष्कर तपश्चर्या करवामां आसक्त थयेलो अर्जुनमाली सिद्ध थया. ॥१२॥

नंदीसररुचगेसुवि, सुरगिरिसिहरेसु एगफालाए ॥
जंघाचारणमुणिणो, गच्छंति तवप्पभावेण ॥ १३ ॥

शब्दार्थः--जंघाचारण मुनियो तपना प्रभावथी एक फाले करीने आठमा नंदीश्वरद्वीपमां, बारमा रुचकद्वीपमां अने मेरुपर्वतना शिखर उपर जाय छे. ॥१३॥

सेणियपुरउ जेसिं, पसंसिअं सामिणा तवोरूवं ॥
ते धन्ना धन्नमुणि, डुन्नवि पंचुत्तरे पत्ता ॥ १४ ॥

शब्दार्थः--श्रेणिक राजानी आगल श्री महावीरप्रभुए जेनुं तपस्वरूप वर्णव्युं छे, ते धनकुमार अने धनाकाकंदी ए बन्ने मुनिउ पण पांचमां अनुत्तर विमानने विषे प्राप्त थया. ॥ १४ ॥

सुणिऊण तव सुंदरी-कुमरीए अंबिलाणि अणवरयं ॥
सठिवाससहस्सा, भण कस्स न कंपए हिययं ॥ १५ ॥

शब्दार्थ-हे भाइ! सुंदरी कुमारीनुं साठ हजार वर्षसुधी निरंतर आंबील तप सांभली कोनुं हृदय न कंपे? कहे !! १५

जं विहिअमंबिलतवं, बारसवरिसाइं सिवकुमारेण ॥
तं दट्ठु जंबुरूवं, विम्हइउ कोणिउ राया ॥ १६ ॥

शब्दार्थः--शिवकुमारे (जंबूस्वामीने पाछले भवे) बारवर्ष पर्यंत जे आंबिल तप कर्यो, तेथी बीजा भवमां जंबूस्वामीना रूपने जोइ कोणिक राजा विस्मय पाम्यो. ॥१६॥

जिणकप्पिय परिहारिय, पडिमापडिवन्न लंदयाईणं ॥
सोऊण तवसरूवं, को अन्नो वहउ तवगव्वं ॥ १७ ॥

शब्दार्थः--जिनकल्पी, परिहारविशुद्धि चारित्रवाला, पडिमाना धारणहार एवा लंदी साधुनां तपस्वरूपने सांभलीने बीजो कयो पुरुष तपना गर्वने धारण करे? ॥ १७ ॥

मासद्धमासखवग, बलभद्दो रूववंपि हु विरतो ॥
सो जयउ रन्नवासी, पडिबोहिअसावयसहस्सो १८

शब्दार्थः—मासखमण अथवा पखखमण करनारा, रूपवंत छतां पण निश्चे विरक्त थयेला, अरण्यमां वसनारा अने सिंहादि हजारो हिंसक पशुओने बोध करनारा ते बलभद्र मुनि जयवंता वर्त्तो.

थरहरियधरं झलहलिय सायरं चलियसयलकुलसेला
जमकासि जयं विण्हु, संघकए तं तवस्स फलं ॥१९॥

शब्दार्थः—पृथ्वी कंपी, समुद्रो खलभल्या, सर्वे हिमवंतादि कुलपर्वतो कंप्या. ए प्रमाणे जयवंता विष्णुकुमारे श्री संघने माटे जे कांइ कर्युं, ते सर्व तपनुं फल छे. ॥ १९ ॥

किं बहुणा भणिएणं, जं कस्सवि कहवि कछवि सुहाइं
दीसंति भवणमज्झे, तत्थ तवो कारणं चेव ॥ २० ॥

शब्दार्थः—बहु कहेवाथी शुं ? कारण के. भुवननी मध्ये जे कांइ कोइने पण क्यांइ सुखादि देखाय छे, त्यां तपनुं कारण निश्चे जाणवुं. अर्थात् तपथी सर्व प्रकारनुं सुख मळे छे. ॥ २० ॥

॥ इति तप कुलक ॥

॥ अथ भावकुलक ॥

कमठासुरेण रइयंमि भीसणे पलयतुल्लजलबोले ॥
[illegible] केवलनाणी, [illegible] जयउ पासजिणो ॥१॥

शब्दार्थः—कमठासुरे रचेला भयंकर प्रलयकाळ समान ज-
[illegible] केवलज्ञान-
[illegible] वर्तो. ॥१॥
[illegible] न होइ जइ [illegible] ॥
[illegible]

तह दाणसीलतवजा-वणाउ अहलाउं जावविणा ॥२॥

शब्दार्थः-जेम चूना विना तांबुल अने पास विना वस्त्र रंग न पामे,तेम जाव विना दान,शील, तप अने जावना अफल जाणवी.

मणिमंततसहीणं, जंतयतंताण देवयाणंपि ॥
जावेण विणा सिद्धि, न हु कस्सइ दीसई लोए ॥३॥

शब्दार्थः-जो रुनां मणि, मंत्र औषधी, जंत्र, तंत्र अने देवतानी उपासनानो पण जाव विना सिद्धि कोइने देखाती नथीज.

सुहजावणावसेणं, पसंदचंदो मुहुत्तमित्तेण ॥
खविऊण कम्मगंठिं, संपत्तो केवलं नाणं ॥ ४ ॥

शब्दार्थः-शुन जावनाना वशपथी प्रसन्न चंडराजा मुहूर्त्त मात्रमां कर्मनी गांठ खपावी केवलज्ञान पाम्यो. ॥ ४ ॥

सुस्सूसंती पाए, गुरुणीणं गरहिऊण नियदोसे ॥
उप्पन्नदिव्वनाणा, मिगावइ जयओ सुहजावा ॥५॥

शब्दार्थ-गुरुणीना पगनी सेवा करतां अने पोतानां दोषनी निंदा करवाथी शुन जावने लीधे उत्पन्न थयेला केवलज्ञानवाली मृगावती जयवंतां वर्त्तो. ॥ ५ ॥

जयवं इलाईपुत्तो, गुरुए वंसंमि जो समारुढो ॥
दठूण मुनिवरिंदे, सुहजावा केवली जाओ ॥ ६ ॥

शब्दार्थः-म्होटा वांस उपर चमेला पूज्य इलाचि पुत्र गे.रीप फरना मुनीश्वरने जोइ शुन जावथी केवली थया.

कविओअ वंभणमुणी, असोगवणिआई मययारंमि ॥
खाडाखोहत्तिपयं, जाणंतो जायजाईसरो ॥ ७ ॥

शब्दार्थः-कपिल नामना ब्राह्मण मुनि अशोकवाडीमां पोताना मनपो (जहा खाटो तहा खोटो, खाटा खोटो पयहूइ॥

शब्दार्थः--जीवना वधने विषे पण समिती तथा गुप्तीवंतने
जे निश्चे बंध नथी कह्यो; तेमां भाव प्रमाण छे; परंतु काय व्या-
पार प्रमाण नथी. ॥ १८ ॥

भाव चिय परमत्थो, भावो धम्मस्स साहओ भणिओ ॥
सम्मत्तस्सवि बीअं, भाव चिय विंति जगगुरुणो ॥१९॥

शब्दार्थः--भाव एज निश्चे परमार्थ छे अने भाव एज धर्म
नो साधक कह्यो छे. तीर्थंकरो सम्यक्त्वनुं बीज भावज कहे छे.

किं बहुणा भणिएणं, तत्तं निसुणेह भो महासत्ता ॥
मुक्खसुहबीयभूओ, जीवाण सुहावहो भावो ॥ २० ॥

शब्दार्थः--बहु कहेवाथी शुं? हे महासत्ववंतो! तत्वनी वात
सांभळो. प्राणीने मोक्षनां सुखनुं बीजभूत सुखकारी भावज छे.

इय दाणसील तव भावणाओ जो कुणइ सत्ति भत्तिपरो ॥
देवनरिंदमहिअं, अचिरा सो लहइ सिवसुहं ॥२१॥

शब्दार्थः--जे शक्ति अने भक्तिना समूहवाळो पुरुष आ
प्रमाणे दान, शील, तप अने भावनाने आचरे छे, ते देव-
[illegible] अथवा [illegible] पूजेलां मोक्ष सुखने थो-
[illegible] कालमां पामे छे. ॥ २१ ॥

॥ इति भावकुलक ॥

॥ अथ [illegible] ॥

[illegible] ॥

[illegible] ॥ १ ॥

[illegible]

जीवदयाइं रमिजाइ, इंदियवग्गो दमिजाइ सयावि ॥
सच्चं चेव चविजाइ, धम्मस्स रहस्समिणमेव ॥२॥

शब्दार्थः–जीव दयामां रमवुं, इंद्रियोना समूहने नित्य दमवो अने सत्यज बोलवुं. एज धर्मनुं रहस्य छे. ॥ २ ॥

सीलं न हु खंमिजाइ, न संवसिजाइ समं कुसीलेहिं ॥
गुरुवयणं न खलिजाइ, जइनजाइधम्मपरमत्थो ॥३॥

शब्दार्थः–निश्चे शीलने न खंमवुं. कुशीलिआनी साथे न वसवुं, गुरुनुं वचन न उलंघवुं. एज श्री जिनेश्वरना धर्मनो उत्कृष्ट अर्थ छे. ॥ ३ ॥

चवलं न चंकमिजाइ, विरइजाइ नेव उब्भमो वेसो ॥
वंकं न पलोइजाइ, रुठावि न ग्रंति किं पिसुणा ॥४॥

शब्दार्थः–चपलपणाथी (अयतनाथी) न चालवुं, उद्भट वेष न पहेरवो, वांकी दृष्टिथी न जोवुं के, जेथी रीसायला एवा पण चाडीया शुं बोले ? ॥ ४ ॥

निअमिजाइ नीअजीह, अविआरिअ नेव किजाए कज्जं
न कुलक्कमोअ लुप्पइ, कुविउ किं कुणइ कलिकालो ५

